

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

સહે ન શિસ્ત કે સિદ્ધાંત નો ભાર વહેતું નથી
ગધેડાંને ઘર કે, ઘાટનું કોઈ કહેતું નથી.
રહેતું નથી કયાંકનું જે રાખે સ્વાર્થનાં સગપણ -
પક્ષપલ્ટુ ચામાચેણ કોઈનું ય ચહેતું નથી

**હાઈકુ**

હોય 'પ્રવીણ'
ગૂંલાટ મારવામાં -
તે પછડાય!!

આવે છે કામ,
કિલ્લા - ગઢ - તોડવા
યુદ્ધમાં ઉંટ
(પક્ષપલ્ટુઓનો અંત કેવો હોય?)

### ચિંતન

તદ્બપરો અનર્થ સેવી

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ ચે.

અવૈદ્ય કામસુખ ભોગવનાર અનર્થસેવી છે.

જેને ભોગવવા ધર્મ આજ્ઞા નથી આપતો અને જેનાથી ધનનો નાશ થાય છે એ કામસુખ અનુચિત છે. કારણ કે એના ધર્મની હાનિ થાય છે અને એ હાનિના કારણે જીવનની સુખશાંતિ છિનવાઈ જાય છે. આથી જ વેશ્યાગમન, પરસ્ત્રીગમન કરનાર પુરુષને 'અનર્થસેવી' કહ્યા છે.

અલક્ષ્મી, અધર્મ લક્ષ્મી - બે નંબર નાણું આવતાં જ માણસની મતિ અને વૃત્તિ બદલાઈ જાય છે. કુમાર્ગે અને વ્યસનની લતે ચઢી જાય છે. પરિણામે ધન-ચરિત્ર અને તંદુરસ્તીની હાનિ થાય છે.

### સુવિચાર

- પોતાના દોષ પોતાના બાળકોમાં ઉતરે એ કોઈનેય ના ગમે - **પ્રકાશ ગજ્જર**
- મારા ખરાબમાં ખરાબમાં ખરાબ નિર્ણયો
  હું વધારેમાં વધારે ગુસ્સામાં હોઉં ત્યારે લેવાયેલા છે - **એસ. ભટ્ટચાર્ય**
- આપણને ગમતું કામ એ વિશ્રામ જેટલો જ આનંદ આપે છે - **જનકલ્યાણ**
- જીવનમાં હું એટલું શીખ્યો કે પૂર્ણતા કરતાં માયાળુ વ્યવહારનું મહત્ત્વ ઘણું વધારે છે - **ટાગોર**
- કશુંક અવળું થાય એટલે આપણે પોતે પણ અવળા થઈ જવાની કોઈ જરૂર નથી હોતી - **સંત રોબિન**
- ધનબળ, શક્તિબળ, આયુષ્ય બળ એ સૌ બળો કરતાં ગ્રંથ બળ સામાન્ય બળ નથી - **ઉમાશંકર જોષી**
- આજનું ઔષધ : દાંત હલતા હોય કે દાંતનો દુઃખાવો થતો હોય તો હિંગ અથવા અક્કલગરોનું ચૂર્ણ દાંતમાં ભરવાથી આરામ થાય છે **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

જર્મનીના ફ્રેડરિક ક્રુપે તોપ બનાવવાનું કારખાનું શરુ કર્યું. પણ તેને મહાન બનાવ્યું તેના દીકરા આલ્ફ્રેડે ક્રુપે આલફ્રેડના કારખાનામાં બનેલી તોપ દુનિયાભરમાં વખાણાઈ છે. ફ્રાંસના રાજાએ એકસો તોપો નો ઓર્ડર આલ્ફ્રેડને મોકલાવ્યો.

એ વખતે આલ્ફ્રેડ નાના ભીડમાં હતો, કોઈ પણ ધંધાદારી માણસ આવો મોટો ઓર્ડર તરત સ્વીકારી લેત. પણ આલફ્રેડને ખબર હતી કે ફ્રાન્સ અને જર્મની વચ્ચે સદીઓથી દુશ્મનાવટ છે. હમણાં ભલે શાંતિ હોય પણ ગમે ત્યારે યુદ્ધ થઈ શકે અને એ વખતે આલ્ફ્રેડની બનાવેલી તોપો જર્મની સામે તકાય.

આલફ્રેડે ફ્રાંસના સમ્રાટનો ઓર્ડર ગૌરવભેર પાછો વાળ્યો. અને કહ્યું, 'અત્યારે હું સખત નાણાભીડમાં છું, આટલા મોટા ઓર્ડરથી ઘણો નફો હું મેળવી શકું છું પણ જે તોપ ભવિષ્યમાં મારાં જ દેશ સામે મંડાવાની હોય એનો તો વેપાર કરતાં હું દેવાદાર રહેવું વધુ પસંદ કરીશ. પહેલો મારો દેશ જર્મની, પછી વેપાર!!'

# લોકશાહીની ક્રૂર મજાક જેવી ઘટનાઓ

**તંત્રીસ્થાનેથી...**

ચોવીસ વર્ષે આપણા દેશમાં આખેઆખી પેઢી બદલાઈ જતી હોય છે. ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના દિવસે અયોધ્યા મુકામે બાબરી મસ્જિદને ધરાશાયી કરી દેવાઈ હતી. દેશભરમાં મુસ્લિમોને એનો આઘાત લાગ્યો હતો અને એનો બદલો લેવા માટે પદ્ધતિસરનાં કાવતરાં ઘડાવા લાગ્યાં હતા. મુંબઈની અંધારી આલમના બેતાજ બાદશાહ તરીકે કુખ્યાત દાઉદ ઈબ્રાહીમ અને એના સાગરીતોએ આખરે ૧૯૯૩માં દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબી મહાનગરમાં બાર જુદાં જુદાં સ્થળોએ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કરી આખા દેશને ધ્રુજારી મૂક્યો હતો. આ ઘટના સામેલ ગુનેગારો પૈકી અબુ સાલેમ પોર્ટુગલ ભાગી ગયો હતો અને દાઉદ સહિત કેટલાકને પાકિસ્તાને આશ્રય આપ્યો હતો. ચોવીસ વર્ષના દીર્ઘ સમયગાળા પછી મુંબઈ બોમ્બ બ્લાસ્ટના ગુનેગારોને ટાડા અદાલતે દોષિત જાહેર કર્યા છે તે આપણી શાસન પદ્ધતિ અને ન્યાય પ્રથાની બલિહારી છે. 'જસ્ટિસ ડિલેઈડ ઈઝ જસ્ટિસ ડિનાઈડ' - મોડે મોડે, બહુ વિલંબ પછી મળેલ ન્યાય, એ ન્યાય નહીં મળ્યા બરાબર છે. જે રીતે અઢીસોથી વધુ લોકોની જાનહાનિ અને હજારેકને કારમી ઈજા પહોંચાડનારી આતંકવાદી ઘટનાએ દેશમાં ભય અને ત્રાસનો માહોલ ફરમાવ્યો હતો તે જોતાં આ ન્યાયિક પ્રક્રિયા ઘણી વહેલી પૂરી થવી જોઈતી હતી. ૧૯૯૩ના બોમ્બ બ્લાસ્ટ પછીની સૌથી મોટી આતંકવાદી ઘટના ૨૬/૧૧ તાજ હોટલ સહિતની અનેક જગ્યાઓ પર થયેલ આતંકી હુમલાના જીવતા પકડાયેલા ગુનેગાર કસાબને ફાંસી અપાઈ ચૂકી છે, સંસદ પરના હુમલાના માસ્ટર માઈન્ડ અફઝલ ગુરુને પણ લટકાવાઈ દેવાયો છે, પરંતુ ૧૯૯૩ના હુમલાનો મુખ્ય ગુનેગાર દાઉદ ઈબ્રાહીમ કે મુસ્તફા ડોસા તો પાકિસ્તાનમાં આઈએસઆઈ તથા આર્મીના સંરક્ષણ હેઠળ વીવીઆઈપી જેવી મોજ માણી રહ્યા છે. જેને દોષિત ઠેરવાયો છે એવો અબુ સાલેમ પોર્ટુગલમાંથી ભારત જરૂર આવી ગયો પણ એ માટે પોર્ટુગીઝ સરકારે મૂકેલી શરત ભારત સરકારે માન્ય કરેલી છે. અબુ સાલેમને દેહાંત દંડ આપી શકાશે નહીં. શું વિશ્વની મહાસત્તા બનવાની હોંશ ધરાવતી દુનિયાની સૌથી મોટી લોકશાહીની આટલી જ હેસિયત છે? પા સદી સુધી તો એ મોતના સોદાગરોને પોતાની જેલોમાં રાખવા પાછળ અબજોનો ધુમાડો કરતી રહી છે. અબુ સાહેબ જાણે હિંદુસ્તાનના જમાઈરાજ હોય એમ એમને પોર્ટુગલ સરકાર પાસેથી હસ્તગત કરવા આપણી સરકાર ઘૂંટણિયે પડીને એમની એમની શરતે અહીં લાવી શકી છે. બાબરી મસ્જિદના ઢાંચાને જમીનદોસ્ત કરવા માટે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો કે રામલલાના કારસેવકોએ જે કંઈ કર્યું તે જરૂર દેશના કાયદા વિરુદ્ધનું કૃત્ય હતું. અટલ બિહારી વાજપેયી અને અડવાણી જેવા વરિષ્ઠ નેતાઓએ એ કૃત્યને વખોડ્યું પણ હતું. છતાં અડવાણી અને મુરલી મનોહર જોષી સ્થળ પર હાજર હતા એમની સામે હાલ એમની જ સરકાર હસ્તકની સીબીઆઈએ ચાર્જશીટ દાખલ કર્યું છે. એક એવી ઐતિહાસિક ઘટના, જેણે ભારતીય રાજકરણમાં ભૂકંપ સર્જ્યો, જેની ફલશ્રુતિ લેખે દેશમાં હિંદુત્વની હવા ફેલાઈ અને ભારતીય જનતા પાર્ટીનું શાસન સ્થપાયું હતું, તેના 'ગુનેગારો' તરીકે અડવાણી અને મુરલી મનોહર જોષી કારકિર્દીના છેલ્લા તબક્કે રક્ષણાત્મક પરિસ્થિતિમાં મુકાઈ જવા પામ્યા છે અને રાષ્ટ્રપતિ પદ માટેનં એમનું સપનું રોળાઈ ગયું છે. સામે પક્ષે બાબરીનું વેર વાળવા નિર્દોષ નાગરિકોનું લોહી વહેવડાવવાનો ખૂની ખેલ ખેલનારા પાકિસ્તાનમાં અમનચમન ઉડાડે છે અને જે થોડા જણ હાથવગા છે એમને છેક ૨૪ વર્ષ પછી ટાડા કોર્ટે ગુનેગાર ઠેરવ્યા છે, એમાં પણ દેશ સામે યુદધ છેડવાની કલમ તો રદ કરી છે. શું આ બેઉ આપણાં તંત્ર અને ન્યાયતંત્ર - ઉભયને હાસ્યાસ્પદ બનાવતી ઘટનાઓ નથી? બાબરી ધ્વસં માટે ન્યાયતંત્ર પૂર્વ નાયબ વડાપ્રધાન અને માનવ સંસાધનમંત્રીને જેલમાં પૂરી શકશે ખરું? વળી ટાડા કોર્ટ દ્વારા ફરમાવેલી સજાઓ સો ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટના ગુનેગારો માટે હજી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના દરવાજા તો ખુલ્લા જ છે! કેવી ક્રૂર મજાક છે આ આપણી લોકશાહીની!

# માંગે છે મુક્તિ – પાંજરાના પક્ષીઓ

## વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર



'પંખી' શબ્દ 'પક્ષ ધરાવનાર' એટલે કે પક્ષી એટલે કે પાંખોવાળા. જે જીવ આોળખ જ પાંખોવાળા જીવ તરીકેની એટલે કે મુકત ગગનમાં લાંબા અંતરે એક જગ્યાએથી બીજી જગ્યાએ ઉડી શકે. તેવા જીવ તરીકે થતી હોય તેવા જીવને કેટલાક ફુટ બાયફૂટના પાંજરામાં આજીવન કેદ કરી રાખવા જેવું ક્રુરતાભર્યુ કૃત્ય બીજું શું કહી શકાય?



નવાઈ લાગે તેવી વાત એ છે કે આપણાં દેશના ૧૨૦૦ જાતિના પક્ષીઓ પૈકી ૩૦૦ જાતિઓના દેશી પક્ષીઓ પક્ષીઓ પાળવાના લોકોના શોખને કારણે વેપાર થઈ રહયો છે. આ ૩૦૦ જાતિના પક્ષીઓને તેમના કુદરતી વાસસ?થાનો કે જંગલોમાંથી નાના બચ્ચાં હોય ત્યારથી ખુબ જ ક્રૂરતાપૂર્વક પકડવામાં આવે છે અને તેવા વિસ્તારોમાંથી દિલ્હી, કલકતા, મુંબઈ, લખનૌ, અમદાવાદ જેવા મોટા-મોટા શહેરી વિસ્તારોમાં મોકલી દેવામાં આવે છે. આવી ઘણીવાર પક્ષીઓની જાતિઓ ભારતીય વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ ૧૯૭૨ હેઠળ પ્રતિબંધિત છે અને તેને પકડવાથી લઈ, વેચવા, પાલતું રાખવા સુધીની પ્રવૃતિઓ ગંભીર ગુનો ગણાય છે.

સાઈટીસ (કન્વેન્શન ઓન ઈન્ટરનેશનલ રૂડ ઈન એનેઝર્ડ સ્પીસીસ) હેઠળ પણ ઘણાં પક્ષીઓનો દેશ-વિદેશમાં કરવામાં આવતો વેપાર/વેચાણ પ્રતિબંધિત છે. છતાં દેશમાં આવા વેપાર માટેનું સહુંથી મોટું સ્થળ મુંબઈનું ક્રાઉ ફોર્ડ પ્રાણી માર્કેટ ગણાય છે. એક સમયે બોમ્બે હાઈકોર્ટે આ બજારમાં રેડ પાડીને ગેરકાયદેસર વેપાર રોકવા માટે કમીટી નીમી હતી. પરંતુ ત્યારબાદ આગળ કોઈ સંતોષજનક પરિણામો મળી શકયા નથી. પોલીસ તથા વન વિભાગના કર્મચારીઓનું મર્યાદિત કાયદાકીય જ્ઞાન અને અસરકારક કાયદાકીય જોગવાઈને અભાવે પ્રતિ વર્ષ લાખો પક્ષીઓનો વેપાર ગેરકાયદેસર થાય છે.

ખુલ્લા મુકત વાતાવરણમાં કે જંગલોમાં પક્ષીઓ એકબીજા સાથે વિવિધ પ્રકારના અવાજો કાઢીને એકબીજા સાથે બોલતાં હોય છે.

જંગલના સુંદર મીઠા અવાજોથી ગીતો ગાતા પક્ષીઓની વાત છોડો આપણી આસપાસ આપણો થઈને રહેતો કાગડો જુદા-જુદા સેંકડો અવાજો કાઢતો હોય છે. કેટલાક પક્ષીઓતો અંદરો-અંદર ધીમા અવાજે જે સંદેશાઓ પસાર કરે છે તે તો આપણને સાંભળવા પણ મળતાં નથી. પાંજરામાં પુરેલા પક્ષીઓની વાણી છીનવાઈ જાય છે. તેમ કહીએ તો ખોટું નથી. તે ખુબ જ ઓછુ બોલે છે અથવા મૂક થઈ જાય છે તેના સમુહમાં તે વિવિધતાભર્યા અવાજો કરે છે તેવા તો કેટલાંક તેને આવડતા પણ નથી હોતાં.

પાંજરામાં મહેલ જેવી સુખ - સગવડો હોય તો પણ પાંજરૂ એટલે એક પ્રકારની જેલ. મુકત વિહાર કરતાં પક્ષીઓનું જીવન બંધીયાર નાના પાંજરાઓમાં આનંદમય કઈ રીતે હોઈ શકે? તે એક સમજવા જેવી વાત છે.

કોઈ વેપાર ત્યારે જ શકય અને સફળ બનતો હોય છે જયારે તેનું વેચાણ એટલે કે ખરીદદાર હાજર હોય માટે વેચનાર કરતાં ખરીદનાર વધુ દોષિત કે પાપી ગણી શકાય. પક્ષીઓ ખરીદનારા છે તો પક્ષીઓ વેચનારા છે.

અનુસંધાન પાના નં. ૭ પર

# માતૃભાષાનું મહત્વ અને શિક્ષણની સમસ્યા - એક વિચાર

## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ



વિકાસની હરણફાળ ભરતા ગુજરાત રાજ્યમાં બે વર્ષ પહેલા ધોરણ દસમાં લગભગ પાંચેક લાખ વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષા ગુજરાતીમાં ફુલ્લી નાપાસ થયા હતા. અને એ વખતે ગુજરાતના તમામ અખબારોના ''હેડિંગ''માં ગુજરાતી ભાષા ચમકી હતી. ગુજરાતી ભાષાનો ઝંડો લઈને જાત જાતના અભિયાનો ચલાવતા રાજકીય ભાષાવિદો થોડા સમય માટે સક્રિય થઈ ગયા હતા. અખબારોમાં પ્રેસનોટો છપાવીને રાજ્ય સરકારને આવેદન પત્રો આપ્યા. હતા. એ વખતે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પણ થોડી વિચારણાઓ થઈ હતી. આમ છતાંય પરિણામ આજસુધી જાણવા મળ્યું નથી. એનું બીજું પરિણામ એ આવ્યું કે આજે ધોરણ બારમાં બે લાખ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા. બિહારમાં પણ આવી જ ઘટના ઘટી છે. આ વર્ષે ત્યા ધો. ૧૨માં રાષ્ટ્રભાષા હિંદીમાં આઠ લાખ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

આપણો દેશ આઝાદ થયાને આજે સીત્તેર વર્ષ થવા આવ્યા પણ હજીયે અંગ્રેજીના પ્રભાવમાંથી આપણે મૂક્ત થયા નથી. અંગ્રેજી વૈશ્વિક ભાષા છે એ ચોક્કસ પણ એને માતૃભાષાને ત્યાગીને અપનાવીએ છીએ એ ક્યાનો ન્યાય? એક ભાષાના રૂપે અંગ્રેજીનું સન્માન જરૂર કરીએ પણ માતૃભાષાના ભોગે તો હરગિઝ નહી જ.

જો કે આજે માતૃભાષાના સંદર્ભે આપણા શિક્ષણમાં પરીક્ષા પદ્ધતિ અને એની વ્યવસ્થા વિશે થોડો વિચાર કરવો છે. સૌથી પહેલા તો વિદ્યાર્થીઓનું વર્ષને અંતે થતું ત્રણ કલાકનું મુલ્યાંકન એની ઓળખ બને છે. આ પ્રથા જ કંઈક જૂની- પરંપરિત લાગે છે. આ સંદર્ભે થોડું ઊંડાણપૂર્વક વિચારીશું તો જે વિદ્યાર્થીઓ આખું આખું વર્ષ સખત મહેનત કરીને પેપરો લખે છે એના જ પરિણામો ક્યારેક ચોકાવનારા આવે છે. કારણમાં પરીક્ષા પછી પેપર ચકાસણીની જે પ્રક્રિયા થાય છે એમાં કંઈક સુધારો કરવાની જરૂર છે. આ સંદર્ભે બિહારમાં જે સત્યો ખુલ્યા તે જાણીને ઘણા રાજ્યોના શિક્ષણપ્રધાનો, શિક્ષણશાસ્ત્રીઓ, વિદ્યાપુરુષોની ઊંઘ ઊડી ગઈ હશે.ટીવી ચેનલના એક ન્યૂઝ મુજબ ત્યા એક શિક્ષકને એક દિવસના ૩૦ પેપર જોવાનો નિયમ હોવા છતાંય રિઝલ્ટ જલદી આપી દેવાના દબાણમાં એક શિક્ષક પાસે એક દિવસના સો – સો પેપર તપાસવાની ફરજ પાડવામાં આવે છે. ગુજરાતમાં પણ એક શિક્ષક દીઠ રોજના ૩૦ પેપર જોવાનો નિયમ છે. એને કલાક અને મિનિટમાં જોઈએ તો રોજના ૧૧ થી ૫ સુધી રોજના છ કલાક થાય. ૩૦ પેપર લેખે એક કલાકના પાંચ પેપર તપાસાય. એટલે કે એક પેપર દીઠ શિક્ષકને ૧૨ મિનિટ મળે. હવે જેના માટે વિદ્યાર્થીએ આખું વર્ષ ખુબ જ મહેનત કરી હોય, મહિનાઓ સુધી રાતના ઉજાગરાઓ કર્યા હોય. ટ્યુશનમાં લાખો રૂપિયા ખર્ચ્યા હોય. અને પરીક્ષામાં એ આખા વર્ષની મહેનતને ત્રણ કલાકમાં પેપરમાં ખુબ જ ધીરજ અને સમજદારીથી ઉતારી હોય એ પેપરનું મુલ્યાંકન માત્ર બારેક મિનિટમાં પૂર્ણ કરીને માર્ક્સ મૂકી દેવામાં આવે તો એમાં સત્યતા કેટલી હશે? એવો એક પ્રાણપ્રશ્ન આપણી સામે ઊભો થાય છે.

બિહારમાં આ ઘટના સંદર્ભે બીજાયે ઘણા સત્યો બહાર આવ્યા છે. ત્યા કેટલાય શિક્ષકો એવા હતા કે પોતાના વિષયો બહારના પેપરો તપાસીને માર્ક્સ મૂકતા હતા. તો વળી કેટલાય શિક્ષકો તો નોકરીમાં લાગ્યા ત્યારથી આજસુધી સ્કૂલે જ ગયા નથી. પોતાની જગ્યાએ પાંચ સાત હજારના કોઈ અન્ય બેકાર શિક્ષકને રાખી સ્કૂલે મોકલીને પોતે પોતાના બિઝનેસમાં વ્યસ્ત રહે છે. ત્યા એક શિક્ષિકાબહેન તો છેલ્લા પંદરેક વર્ષથી શિક્ષિકા હોવા છતાંય સ્કૂલે ગયા જ નથી. પોતાનું બ્યૂટી પાર્લર ચલાવે છે અને પગાર મેળવે છે. કોને ખબર ગુજરાતની સ્કૂલોમાં પણ આવું નહી હોય? આજે પણ ગુજરાતમાં શિક્ષકો માટે ટ્યુશન પ્રથાની બંધી હોવા છતાંય ઘણા શિક્ષકો ઘેર ટ્યુશનો ચલાવે છે અથવા અન્યના નામે ટ્યુશન ક્લાસ શરુ કરી પોતે ત્યા ક્લાસ લે છે. અહી જો આ પ્રકારનો સર્વે થાય તો હું માનું છું કે અહીં પણ ઘણા સત્યો બહાર આવે એમ છે. આ વખતે ગુજરાતીમાં ધો. ૧૨ના બે લાખ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. બીજી તરફ કૉલેજમાં આર્ટ્સની સંખ્યા દર વર્ષે ઘટતી રહે છે. અને એમાય તો આપણી માતૃભાષાની સ્થિતિ તો ખુબ જ ગંભીર બાબત છે. આના પણ કેટલાય કારણો છે. મુખ્ય કારણ એ છે કે માતૃભાષા કે રાષ્ટ્રભાષા સાથે ગ્રેજ્યુએશન કે માસ્ટર ડીગ્રી કરનારને નોકરીની કોઈ તકો નથી. સરકાર પાસે એવો કોઈ વિભાગ નથી કે જેમાં માત્ર માતૃભાષા કે રાષ્ટ્રભાષામાં અવ્વલ આવનારને તરત જ સરકારી નોકરી મળી જાય. તેથી આજની યુવા પેઢી પોતાની માતૃભાષાથી વંચિત રહી જાય છે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પણ પરીક્ષા પદ્ધતિ એક વિચારણા માગી લે છે. એમાં કોલેજના એક અધ્યાપકને એક દિવસના ૧૦૦ (સો) પેપર જોવા આપવામાં આવે છે. સવારના દસથી સાંજના છ મુજબ એક દિવસની કુલ ૮ (આઠ) કલાક પેપર જોવાના ગણીએ તો કલાક દીઠ ૧૨ (બાર) પેપર તપાસવાના આવે. અને એક પેપર પાછળ માત્ર પાંચ મિનિટ મળે. હવે જવાબ પેપરના ૨૪, ૩૦, ૩૪ કે ૩૮ પાનાનું પેપર માત્ર પાંચ મિનિટમાં જોઈ, તપાસી, વાંચી એનું મૂલ્યાંકન કરવાનું કેવી રીતે શક્ય બને? પાંચ મિનિટમાં ફૂલસ્કેપના પાંચ પાના યે નથી વાંચી શકાતા. તો આ પેપરના આટલા બધા પાનાઓ કેવી રીતે વાંચીને અધ્યાપકો માર્ક્સ મૂકતા હશે? આને કારણે મોટાભાગના અધ્યાપકો પેપરમાં લાલ લીટા કરીને ફટાફટ માર્ક્સ મૂકતા જાય છે અને વિદ્યાર્થીઓની બાર મહિનાની મહેનતને પાંચ મિનિટમાં શહીદ કરે છે. આ જ જવાબ પેપરો જો ફરીથી બીજા કોઈ અધ્યાપકને પૂરતો સમય આપી તપાસવા આપવામાં આવે તો મોટાભાગનાઓના માર્ક્સમાં ઘણા મોટા તફાવતો આવી શકે છે. આપણી આ પરીક્ષા પદ્ધતિને કારણે અસંખ્ય વિદ્યાર્થીઓનું ભાવિ બગડી રહ્યું છે. ખરેખર તો આ પદ્ધતિમાં કોઈ મોટા ફેરફાર કરવાની જરૂર છે. કેમ કે આખા વર્ષની મહેનત કરનાર વિદ્યાર્થીને આ '' પાંચ મિનિટ ''માં ઘણી વખત અન્યાય થાય છે.

શિક્ષણ કથળવાનું બીજુ એક સક્ષમ કારણ છે સરકારી અને ખાનગી સ્કૂલ કોલેજોના શિક્ષકો, અધ્યાપકોના પગારની અસમાનતા. સરકારી શિક્ષકો – અધ્યાપકો મસમોટો પગાર મેળવીને એટલા જ કલાક ભણાવે છે જેટલા કે જેટલાથી વધારે કલાક ખાનગી સ્કૂલોના શિક્ષકો ભણાવે છે છતાય તેમનો પગાર કેટલો ઓછો? તે આપણે સૌ જાણીએ છીએ. આ કેટલી મોટી અસમાનતા છે કે સરકારી સ્કૂલ કોલેજોમાં વિદ્યાર્થીઓની ફી ઓછી પણ શિક્ષક – અધ્યાપકોનો પગાર ખુબ મોટો અને ખાનગીમાં ફી ખુબ વધારે છતાંય પગાર ખુબ ઓછો. એટલે સરકારીમાં સંરક્ષણ હોવાથી સૌ નિષ્ઠા ગુમાવે છે અને ખાનગીમાં પગાર ઓછો હોવાથી સૌ નિષ્ઠા ગુમાવે છે. બન્ને પક્ષે ગુમાવવાનું તો વિદ્યાર્થીઓને અને આપણી ભાષાને જ આવે છે. ત્રીજુ એક કારણ '' શિક્ષકોનો અસંતોષ '' પણ છે કેમ કે આજે શિક્ષકો પાસેથી

અનુસંધાન પાના નં. ૭ પર

# નકલખોરી અને મિલાવટ : સાવધાની જરૂરી છે..!

## રઝળપાટ

અજય ઉપાધ્યાય



મેઈડ ઈન યુ.એસ.એ. મતલબ કે અમેરિકા મા બનેલ ...! આ એ વખતની વાત છે કે જ્યારે અમેરિકન અને વિદેશી ચીજો ભારતમાં ઓલમોસ્ટ અપ્રાપ્ય રહેતી અથવા તો ખુબ જ મોંઘી મળતી ત્યારે એ જ વસ્તુઓની આબેહુબ નકલ કરીને મેઈડ ઈન યુ.એસ.એ. નો માર્કો મારેલી સસ્તી ચીજો ભારતમાં ઉપલબ્ધ થતી અને આ મેઈડ ઈન યુ.એસ.એ. મતલબ ઉલ્હાસનગર મા બનેલું !! મુંબઈ પાસેના ઉલ્હાસનગરમાં વિદેશની કોઈ પણ ચીજની બિન્દાસ નકલી આવૃત્તિ બનતી અને ધૂમ વેચાતી ...! આજે તો ગલીગલી અને દુકાન દુકાન આવી ફેક યુ.એસ.એ. વાળી ચીજો મળતી થઈ ગઈ છે અને એમાં અવ્વલ છે ચીનાઓ ...! ઝડપથી પૈસા બનાવવા વેપારીઓએ અને મોંઘી ચીજોને સસ્તામાં લાવવાની ગ્રાહકોની ચાહતે નકલી ચીજોના બજારને દિન દુની રાત ચોગુની પ્રગતી કરાવી છે ...! ચીન આમાં અગ્રેસર છે એ તો હવે સર્વવિદિત વાત છે પણ દરેક દેશમાં લોકલ લેવલે પણ આવી નકલચી થતી જ રહે છે ...!

સૌથી વધી નકલગીરી ખાવા પીવાની ચીજોમાં થતી હોય છે આં તો એને નકલ કરતા મિલાવટ કહેવી વધુ યોગ્ય ગણાય. નકલી ચોખા, નકલી દાળ, નકલી પનીર, નકલી માખણ, નકલી શાકભાજી, નકલી દૂધ ... એટલું જ નહિ પણ હમણા જ આવેલા ચોકાવનારા સમાચાર મુજબ ચીની બંદાઓએ તો નકલી ઈંડા અને નકલી મટન પણ દુનિયાભરની માર્કેટમાં ફરતા આઈ મીન વેચતા કરી દીધા છે ....! હદ છે ને...? અમેરિકા યુરોપમાં આવા ગ્લુ મીટ પકડાયા પછી હંગામો થયેલો પણ હજુયે આ નકલી સાજીશ ચાલુ જ છે. ચીન નકલી અને મિલાવટના બજારનું રાક્ષસ છે તમને એ વાત પરથી ખ્યાલ આવશે કે ચીન દર વર્ષે લગભગ ૩૩ લાખ કરોડ રૂપિયાની નકલી અને પાયરેટેડ ચીજવસ્તુઓ જગતભરમાં સપ્લાય કરે છે – પોઈન્ટ નોટેડ 'જગતભરમાં'...! જોકે એમાં સૌથી વધુ જેને અસર થાય છે એ દેશ છે અમેરિકા ...! લોકલ કરીયાણાવાળો અને શાકવાળો રાસાયણિક રંગ કે દાળમાં કાંકરા નાખતો કે પછી દૂધવાળો દુધમાં પાણી મેળવતો એ તો હવે જૂની વાત થઈ ગઈ છે હવે તો મિલાવટનું અને નકલનું એક વ્યવસ્થિત અને મોટું બજાર જ અમલમાં આવી ગયું છે. સૌથી વધુ મિલાવટ દુધમાં થઈ રહી છે યુપી અને હરિયાણામાં તો આખ્ખે આખ્ખી નકલી દૂધ બનાવતી ફેક્ટરીઓ જ પકડાઈ છે અને જે નથી પકડાઈ એ ધમધોકાર યુરીયા ખાતર, કોસ્ટિક સોડા અને સ્ટાર્ચથી બનાવેલું નકલી દૂધ અસલી દુધમાં ભેળવીને બિન્દાસ વેચી રહી છે.

વી ધ પીપલે એવું સ્વીકારી અને માની જ લીધું છે કે લગભગ દરેકે દરેક ચીજ વસ્તુમાં કેક ને કેક મિલાવટ કે નકલ થાય જ છે ...! સરસોના તેલમાં સત્યનાશી બી એટલે કે આર્જીમોન અને સસ્તું પામોલીન ઉમેરાય છે તો દેશી ઘીમા વનસ્પતિ ઘીની મિલાવટ હવે આમ છે. લાલ મરચાના પાઉડરમા ઈંટનો ભુક્કો અને વરિયાળીમાં લીલો રંગ, હળદરમાં પીળી માટી અને મરીમાં પપૈયાના બી તો કદાચ તમે લાવેલા મસાલામાં પણ મળી જશે ..! ચણાના લોટમાં મકાઈનો લોટ અને દાળ અને ચોખાને બનાવટી રંગોથી પોલીશ કરાય છે અને હવે તો ચાયનીઝ બનાવટી ચોખાનો પણ કહેર છે ...! તહેવારોમાં મીઠાઈઓમાં નકલી માવો, હાનીકારક કલરના તો હવે આપણેય આદી થઈ ગયા છીએ ...!! તરબુચમાં લાલ રંગ અને કેરીને પકવવા કાર્બાઈડનો ઉપયોગ દર ઉનાળામાં છાપાઓની હેડલાઈન બને જ છે. સોશિયલ મીડિયા પર નકલી દૂધ, નકલી શાકભાજી, નકલી મીઠાઈના વિડીયો વાયરલ થતા જ રહેતા હોય છે પણ જાયે તો જાયે કહા જેવી સ્થિતિ છે ...! હા બધા જ મિલાવટ કે નકલ કરે છે એવું હરગીજ નથી જ પણ મોટેભાગે પેકેજડ ફૂડમા આનું પ્રમાણ વધુ જોવા મળે છે અને કમનસીબે આજે લગભગ બધું જ પેકેજડ થતું જાય છે...!

મિલાવટ જેવું જ સંગીન અને ઓર્ગેનાઈઝ્ડ બજાર છે નકલી ચીજોનું ...! હજુ તો જેવી ભારત સરકારે ૫૦૦-૨૦૦૦ની નવી નોટો ચલણમાં મૂકી ત્યાં જ ધડલ્લેથી નકલી કરન્સી બજારમાં ફરતી પણ થઈ ગઈ ...છે ને હોશિયાર નકલખોરો ..! નકલી પેનકાર્ડ, આધાર કાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ વાળા ઈસમો પકડાયાના સમાચારો પણ વધતા જાય છે. ચારેકોર નકલ...નકલ અને નકલ ...! એવી એક પણ ચીજ નથી કે જેની નકલ કે ડુપ્લીકેટ કોપી કદાચ બજારમાં ફરતી ના હોય અને આ તકલીફ ખાલી ભારત પુરતી નથી પણ અમેરિકા અને યુરોપ જેવા કડક કાયદાવાળા દેશોમાં પણ નામી કંપનીઓની ચીજોની ડુપ્લીકેટ કે નકલી કોપી તરત જ બજારમાં ફરતી થઈ જાય છે. હજુ આ જ મહિનામાં આયાત વિભાગે મુંબઈ ડોક પરથી એક કન્ટેનર જપ્ત કર્યુ કે જેમાં ઈમ્પોર્ટેડ બ્રાન્ડેડ વસ્તુઓ હોવાનું કહેવામાં આવેલું. કન્ટેનરને ખોલતા જગતની પ્રખ્યાત બ્રાન્ડ્સ ગુચી, લુઈસ વિતોન, પ્રદા, ચેનલ અને વર્સાસેની ડુપ્લીકેટ વસ્તુઓ મળી આવી જેમાં લેડીઝ હેન્ડબેગ્સ, કપડા અને જોડાનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત સોની ની જોયસ્ટીક અને નીન્ટેન્ડો જેવી પ્રખ્યાત કંપનીઓની વીડીયોગેમ પણ હતી. અને અચરજની વાત એ હતી કે આ બધી જ વસ્તુ ભલે હોય નકલી પણ દેખાવમાં એકદમ અસલી જેવી જ હતી અને જલ્દીથી નકલી છે એવો ખ્યાલ પણ આવે નહિ એટલી ચોકસાઈથી બનાવેલી હતી. અધિકારીઓનું કહેવું હતું કે બની શકે કે આ નકલી માલ અસલી શોરૂમમા પણ વેચાવા મુકાવાનો હોય ...!!!! બ્રાંડેડ ચીજ સસ્તામાં ખરીદવાની આપણી વૃતિને લીધે વર્ષોથી ઘડિયાળ, કાપડ, રેડિયો, કેમેરા, કેસેટ પ્લેયર, કેસેટ, વીડિયો કેસેટ, વીસીઆર, સીડી, ડીવીડી જેવી 'ડુપ્લિકેટ' વસ્તુઓનું બજાર ધમધમતું રહ્યું છે., અત્યાર સુધી ડુપ્લિકેટ વસ્તુ 'અસલી' કહીને વેચવામાં આવતી, તે ગ્રાહક સાથે જ છેતરપિંડી હતી. હવે તે ગ્રાહકને 'ક્લોન' અથવા 'ફર્સ્ટ કોપી' કહીને જ વેચવામાં આવે છે.

આ નકલી અને ડુપ્લીકેટીગ બજાર વિષે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો લેટેસ્ટ રીપોર્ટ એક ચોકાવનારી વાત કહે છે. ડબ્લ્યુ.એચ.ઓ. ના કહેવા મુજબ જગતભરમાં વેચાતી નકલી દવાઓમાં ભારતીય દવાઓનો હિસ્સો ૩૫% જેટલો છે. ૪૦૦૦ કરોડનો નકલી દવાઓનો કારોબાર છે. રીપોર્ટ કહે છે કે ભારતમાં વેચાતી દવાઓમાં ૨૦% દવાઓ અથવા તો નકલી છે અથવા તો એની કોઈ અસર થાય એમ નથી. છે ને ચોકાવનારું? અત્યારે ઓનલાઈન ખરીદીનો ટ્રેન્ડ છે પણ એમાયે નકલી ચીજો પધરાવવાનું ચાલુ છે. તમે ઈન્ડિયન કન્ઝ્યુમર કોર્ટની સાઈટ પર જશો તો અનેકો એવી

અનુસંધાન પાના નં. ૭ પર